# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

## બાળ સત્સંગ પરીક્ષા કાર્યાલય

## બાળ - ૨ : પ્રેક્ટિસ પેપર - ૬

## જવાબપત્ર - ૬

**સમય : ૨ કલાક**
**કુલ ગુણ : ૧૦૦**

**પ્ર.૧ કૌંસમાં આપેલા શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[૧૦]**

**વિભાગ-અ**

**(રામાનંદ, શ્રીજીમહારાજે, સાઠ, ત્રીસ, ખંભાત, ગોપીનાથ)**

**૧.** હરિભક્ત ઝીણાભાઈની નનામી **શ્રીજીમહારાજે** ઉપાડી.

**૨.** મહારાજ ગઢડામાં **ગોપીનાથ** ભગવાનનું મંદિર બંધાવતા હતા.

**૩.** મૂળજીનું નામ **રામાનંદ** સ્વામીએ પાડ્યું.

**૪.** **ખંભાત** ના નવાબે ગુણાતીતાનંદ સ્વામી માટે ચાંદીની પાલખી મોકલી.

**૫.** ગુણાતીતાનંદ સ્વામી રોજના **સાઠ** ગાઉની મઝલ કાપી ગઢડા ગયા.

**વિભાગ-બ**

**(ઘરમંદિર, મહુવા, અઢાર, અક્ષરધામ, અસુર, ૧૭)**

**૬.** ભગવાનના ભક્તને જે દુઃખ દે તે **અસુર** કહેવાય.

**૭.** પ્રાગજી ભક્તનો જન્મ **મહુવા** ગામમાં થયો હતો.

**૮.** તિલક **અક્ષરધામ** નું પ્રતિક છે.

**૯.** ઘરને પવિત્ર બનાવવા **ઘરમંદિર** જોઈએ.

**૧૦.** **૧૭** વર્ષની ઉંમરે શાંતિલાલે ઘર છોડ્યું.

**પ્ર.૨ નીચેના આપેલા ખરા વાક્યની સામે '✓' ની નિશાની કરો અને ખોટા વાક્યની સામે 'X' ની નિશાની કરો. [૧૦]**

| | | | |
|---|---|---|---|
| **૧.** | બે નાના હાથ પ્રભુના દર્શન માટે છે. | **૧.** | ✗ |
| **૨.** | યોગીજી મહારાજનો જન્મ મહેળાવ ગામમાં થયો હતો. | **૨.** | ✗ |
| **૩.** | સહન કરે તે સંત. | **૩.** | ✓ |
| **૪.** | શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસને પ્રમુખપદ બોચાસણમાં આપ્યું. | **૪.** | ✗ |
| **૫.** | સો સાધુનું મંડળ લઈ ગુણાતીતાનંદ સ્વામી સુરત ગયા. | **૫.** | ✗ |
| **૬.** | ગુણાતીતાનંદ સ્વામી ગોંડલમાં સ્વધામ પધાર્યા. | **૬.** | ✓ |
| **૭.** | મૂળજી એટલે મૂળ અક્ષર. | **૭.** | ✓ |
| **૮.** | મહારાજના પ્રિય સાધુ ભાદરાવાળા નિર્ગુણાનંદ હતા. | **૮.** | ✓ |
| **૯.** | મુક્તાનંદ સ્વામીનું મન એકપણવાર વાંદરા સામે ગયું ન હતું. | **૯.** | ✗ |
| **૧૦.** | સગરામ બ્રાહ્મણ જ્ઞાતિનો હરિભક્ત હતો. | **૧૦.** | ✗ |

**પ્ર.૩ નીચેના પ્રશ્નોના જવાબ માટે સાચો વિકલ્પ પસંદ કરી ચોરસ ખાનામાં જવાબ નંબર લખો. [૪૦]**

**૧.** ગુણાતીતાનંદ સ્વામીએ કેટલા માંદા સાધુઓની સેવા કરી ?

(૧) ૧૭ **(૨) ૧૯** (૩) ૧૮ — **૧.** ૨

**૨.** ગુણાતીતાનંદ સ્વામીના સમાધિસ્થાનને શું કહે છે ?

(૧) સ્મૃતિમંદિર **(૨) અક્ષર દેરી** (૩) અક્ષરધામ — **૨.** ૨

**૩.** ભજન કરવાની ઉંમર કઈ છે ?

(૧) યુવાની **(૨) બાળપણ** (૩) ઘડપણ — **૩.** ૨

**૪.** ખંભાતમાં સવારી વખતે ગુણાતીતાનંદ સ્વામી શું ઓઢીને બેઠા હતા ?

(૧) ખેસ (૨) ગાતરિયું **(૩) ગોદડી** — **૪.** ૩

**૫.** ચંચળ મનને અચંચળ કોણે કર્યું ?

(૧) મુક્તાનંદ સ્વામીએ **(૨) ગુણાતીતાનંદ સ્વામીએ** (૩) ગોપાળાનંદ સ્વામીએ — **૫.** ૨

**૬.** મૂંજો સુરુ કોણ હતો ?

(૧) દરબાર (૨) રાજપૂત **(૩) ક્ષત્રિય** — **૬.** ૩

**૭.** મહારાજે કોની જય બોલાવી ?

(૧) દૂબળી ભટ્ટની **(૨) ગોપીનાથ મહારાજની** (૩) તેર પૈસાની — **૭.** ૨

**૮.** મૂળજી ભક્તને શ્રીજીમહારાજે ક્યા ગામમાં દીક્ષા આપી ?

(૧) જૂનાગઢ (૨) જેતપુર **(૩) ડભાણ** — **૮.** ૩

**૯.** ગુણાતીતાનંદ સ્વામીનો જન્મ ક્યારે થયો હતો ?

**(૧) સં. ૧૮૪૧** (૨) ઈ.સ. ૧૮૪૧ (૩) સં. ૧૭૪૧ — **૯.** ૧

૧૦. સ્વામી ધામમાં પધાર્યા ત્યારે તેમની ઉંમર કેટલી હતી ?

**(૧) ૮૨** (૨) ૮૧ (૩) ૮૦ ૧૦. | ૧ |

૧૧. મુક્તાનંદ સ્વામી કેટલા સંતોનું મંડળ લઈ સુરત પધાર્યા ?

(૧) પાંચસો (૨) ત્રણસો **(3) બસો** ૧૧. | 3 |

૧૨. મહારાજે દિવાળીનો તહેવાર ક્યાં ઉજવ્યો ?

(૧) ગઢડામાં (૨) જામનગરમાં **(3) ભાદરામાં** ૧૨. | 3 |

૧૩. ભગુભાઈએ કલ્યાણના દાતા તરીકે કોને સમજ્યા ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીને** (૨) ગોપાળાનંદ સ્વામીને (૩) ભગતજી મહારાજને ૧૩. | ૧ |

૧૪. શાસ્ત્રીજી મહારાજનો જન્મ કયા ગામમાં થયો હતો ?

**(૧) મહેળાવ** (૨) ભાદરા (૩) ધારી ૧૪. | ૧ |

૧૫. ‘હું તમારામાં અખંડ રહ્યો છું.’ એવું મહારાજે કોને કહ્યું ?

**(૧) ગુણાતીતાનંદ સ્વામીને** (૨) નિત્યાનંદ સ્વામીને (૩) બ્રહ્માનંદ સ્વામીને ૧૫ | ૧ |

૧૬. કયા ગામની ગણિકાએ મહારાજ માટે જાતે ઘઉં દળ્યા ?

(૧) ગઢડા (૨) જેતપુર **(3) જેતલપુર** ૧૬. | 3 |

૧૭. સ્વામીબાપાને કઈ બે વસ્તુ ગમે ?

(૧) ભજન-ભોજન **(૨) ભજન-અભ્યાસ** (૩) અભ્યાસ-સંયમ ૧૭. | ૨ |

૧૮. શાંતિલાલના માતા-પિતાનું નામ શું હતું ?

**(૧) મોતીભાઈ-દિવાળીબા** (૨) ધોરીભાઈ-પૂરીબા (૩) દેવચંદભાઈ-હેતબા ૧૮. | ૧ |

૧૯. જગજીવન કયા રાજાનો દિવાન હતો ?

**(૧) કચ્છના** (૨) જામનગરના (૩) ગાયકવાડના ૧૯. | ૧ |

૨૦. પ્રહ્લાદના પિતાનું નામ શું હતું ?

(૧) હિરણ્યાક્ષ **(૨) હિરણ્યકશિપુ** (૩) હિરણ્યગર્ભ ૨૦. | ૨ |

૨૧. બાળમંડળની સ્થાપના કોણે કરી ?

(૧) શાસ્ત્રીજી મહારાજે **(૨) યોગીજી મહારાજે** (૩) પ્રમુખસ્વામી મહારાજે ૨૧. | ૨ |

૨૨. ઉંકાખાચરને શેનું વ્યસન હતું ?

(૧) તમાકુનું (૨) ભજનનું **(3) સેવાનું** ૨૨. | 3 |

૨૩. ભાવનગરમાં થાળમાંથી મહારાજ કેટલા લાડુ જમી ગયા ?

(૧) ૧૦ **(૨) ૫** (૩) ૮ ૨૩. | ૨ |

૨૪. ઠોઠ નિશાળિયો કોણ હતો ?

**(૧) પાણિનિ** (૨) નારદ (૩) એકલવ્ય ૨૪. | ૧ |

૨૫. શું કરવાથી શરીર અને મન શુદ્ધ થાય ?

(૧) પ્રાણાયામ (૨) ભજન **(3) એકાદશી** ૨૫. | 3 |

**૨૬.** ઝીણાભાઈ દરબારે કોની સેવા કરી ?

**(૧) કમળશી વાંઝાની** (૨) અમરશી ભાઈની (૩) નિર્મળસિંહ રાણાની **૨૬.** | **૧** |

**૨૭.** મહારાજના પાટવી કુંવર કોણ હતા ?

(૧) મુક્તાનંદ સ્વામી (૨) બ્રહ્માનંદ સ્વામી **(૩) ગુણાતીતાનંદ સ્વામી** **૨૭.** | **૩** |

**૨૮.** પ્રહ્લાદની રક્ષા માટે ભગવાન કયો અવતાર ધારણ કરીને આવ્યા ?

(૧) વામન **(૨) નૃસિંહ** (૩) પરશુરામ **૨૮.** | **૨** |

**૨૯.** માલિક કહે તેમ કરવું તે કોનું લક્ષણ છે ?

(૧) શેઠનું (૨) નોકરનું **(૩) દાસનું** **૨૯.** | **૩** |

**૩૦.** અરદેશર કોટવાલ કોણ હતા ?

**(૧) પારસી** (૨) મુસલમાન (૩) ખ્રિસ્તી **૩૦.** | **૧** |

**૩૧.** આપણા સંતો શેમાં જમે ?

(૧) થાળીમાં (૨) કટોરામાં **(૩) પત્તરમાં** **૩૧.** | **૩** |

**૩૨.** મહારાજે સાધુ થવા માટે પત્રમાં કેટલાના નામ લખ્યા હતા ?

(૧) ૨૦ **(૨) ૧૮** (૩) ૧૯ **૩૨.** | **૨** |

**૩૩.** ઘરને પવિત્ર બનાવવું હોય તો શું જોઈએ ?

(૧) સ્વચ્છતા **(૨) ઘરમંદિર** (૩) સજાવટ **૩૩.** | **૨** |

**૩૪.** ડુંગર ભક્તને દીક્ષા આપી શું નામ પાડ્યું ?

(૧) નારાયણસ્વરૂપદાસ **(૨) યજ્ઞપુરુષદાસ** (૩) જ્ઞાનજીવનદાસ **૩૪.** | **૨** |

**૩૫.** સગરામના ઘેર મહારાજ શું જમ્યા ?

(૧) પૂરી-શાક **(૨) દહીં-રોટલો** (૩) દૂધ-ભાત **૩૫** | **૨** |

**૩૬.** શ્રવણને તીર મારનાર કોણ હતું ?

**(૧) દશરથ** (૨) યુધિષ્ઠિર (૩) રણબહાદૂરસિંહ **૩૬.** | **૧** |

**૩૭.** પ્રમુખસ્વામીને કયા સ્થાનમાં ભાગવતી દીક્ષા આપી ?

(૧) અમદાવાદ (૨) સારંગપુર **(૩) ગોંડલ** **૩૭.** | **૩** |

**૩૮.** સુરતમાં અરદેશર કોટવાલને મહારાજે પ્રસાદીની કઈ વસ્તુ આપી ?

(૧) અંગરખું (૨) મુગટ **(૩) પાઘ** **૩૮.** | **૩** |

**૩૯.** મૂળજી ભક્તે ખેતરમાં શેનો વાઢ કર્યો હતો ?

**(૧) શેરડીનો** (૨) મકાઈનો (૩) ઘઉંનો **૩૯.** | **૧** |

**૪૦.** ભગતજી મહારાજે કયા મંદિરમાં પાયા પૂરવાની તથા ચૂનાની સેવા કરી ?

**(૧) જૂનાગઢ** (૨) ગઢડા (૩) મહુવા **૪૦.** | **૧** |

**પ્ર.૪ નીચેનાં આપેલા પ્રશ્નોનાં એક થી બે લીટીમાં (ઉત્તર) જવાબ લખો.** **[૧૦]**

૧. યોગીજી મહારાજના માતા-પિતાનું નામ શું હતું ?

**જ. યોગીજી મહારાજના માતાનું નામ પુરીબાઈ અને પિતાનું નામ દેવચંદભાઈ હતું.**

૨. ભગુભાઈએ સ્વામીની સાથે વડતાલ જવાની ના પાડી તો શું દુઃખ આવ્યું ?

**જ. ભગુભાઈનો કોઈ એક સાથી હતો. તેણે ક્યાંક ચોરી કરી હશે એટલે એ પકડાયો તેની ભેગો એનો મળતિયો ગણી ભગુભાઈને જેલમાં લઈ ગયા.**

૩. ગામના ઠાકોરે સાધુઓને મારીને ગામમાંથી કાઢી મુક્યા, ત્યારે સાધુઓને ઠાકોર વિશે શું સાંભળ્યું ? સ્વામીએ ઠાકોર માટે શું સંકલ્પ કર્યો ?

**જ. સાધુઓએ સાંભળ્યું ઠાકોર ને ત્યાં દીકરો નથી. સ્વામીએ ભગવાનનું નામ લઈ આશીર્વાદ આપ્યાં કે ઠાકોરને ત્યાં દીકરો થાય.**

૪. શ્રીજી મહારાજે તેમના પાર્થિવ દેહનો ત્યાગ ક્યારે કર્યો ? ક્યારે અર્તઃધ્યાન થયા ?

**જ. જેઠ સુદ દશમ સંવત ૧૮૮૬**

૫. ગુણાતીતાનંદ સ્વામીએ રામાહાટીને શું પ્રશ્ન પૂછ્યો ?

**જ. ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું કે, ''આપણે મોતૈયા લાડુ અને સાટા જલેબી સાવજને નાખીએ તો તે ખાય કે નહિ ?''**

૬. સુંદરજી સુતારે મુંડન કરાવ્યાનું કારણ જાનૈયાઓને શું આપ્યું ?

**જ. રાજકુંવરના લગ્નનું શુભ કાર્ય રૂડી રીતે પાર પડે એટલા માટે એમણે બાધા રાખેલી, તેથી દેવતાને મોવાળાં દઈ દીધાં ?**

૭. ઉકાખાચર શા માટે સભામાં મોડા પડ્યા ?

**જ. ઝાડ હેઠળ ઓટલા પર કૂતરાએ બગાડ્યું હતું તે તેમણે સાફ કર્યો એટલે ફરીવાર નહાલા ગયા તેથી તેઓ સભામાં મોડા પડ્યા.**

૮. ઘરનાં બધાં સભ્યોએ સાથે મળીને સાંજે શું કરવું જોઈએ ?

**જ. ઘરનાં બધાં સભ્યોએ સાંજે સાથે / ભેગાં મળીને સંધ્યા આરતી કરવી. ધર્મગ્રંથમાંથી થોડું વાંચન કરવું.**

૯. યોગીજી મહારાજ ઘરડાં અને અંધ સાધુને શા માટે સાથે જોડમાં રાખતાં ?

**જ. યોગીજી મહારાજ હંમેશા ઘરડાં અને અંધ સાધુને સાથે જોડમાં રાખતાં કારણ કે તેઓ એમ માનતા કે તેમની સાથે ફેરવાથી તેમના અનુભવનો અને જ્ઞાનનો પોતાને લાભ મળે છે.**

૧૦. હિરણ્યકશ્યપુની બહેનનું નામ શું હતું ? તેની પાસે શું વિશેષ શક્તિ હતી ?

**જ. હિરણ્યકશ્યપુની બહેનનું નામ હોલિકા હતું. તેને એવું વરદાન હતું કે તેને અગ્નિ સ્પર્શ કરી શકે જ નહિ.**

**પ્ર.૫ નીચેની સ્વામીની વાતો પૂરી કરો.** **[૧૦]**

૧. ભગવાન ને ભગવાનના.....

**જ. ભગવાન ને ભગવાનના ભક્તની સેવા, એ બેમાં જ માલ છે.**

૨. ડાહ્યો હોય તેને.....

**જ. ડાહ્યો હોય તેને વઢે ત્યારે રાજી થાય ને મૂર્ખ હોય તેને વખાણે ત્યારે રાજી થાય, એમ મહારાજ કહેતા.**

૩. આ લોકમાં ડાહ્યો.....

**જ. આ લોકમાં ડાહ્યો તો કોઇ પ્રભુ ભજતો નથી ને જે ગાંડો થાય તે ભજે છે.**

૪. પાંચ-દશ વાર ‘સ્વામિનારાયણ.....

**જ. પાંચ-દશવાર ‘સ્વામિનારાયણ... સ્વામિનારાયણ’ નામ જાણ્યે અજાણ્યે લેશે તેનું પણ આપણે કલ્યાણ કરવું પડશે ને આખા બ્રહ્માંડને સત્સંગ કરાવવો છે.**

૫. જો મોટાપુરુષ મળે.....

**જ. જો મોટાપુરુષ મળે તો તેનો સંગ કરવો, નીકર ઊતરતાનો સંગ તો કરવો જ નહિ.**

**પ્ર.૬ નીચે આપેલ કીર્તન/અષ્ટક/શ્લોકની ખૂટતી કડીઓ પૂરી કરો.** **[૧૦]**

૧. નથી અમારી પાસે ......... કુમળાં હૃદય અમારાં.

**જ. નથી અમારી પાસે હો ભગવન, જાત જાતનાં ફૂલો (૨)**
**પણ ઉરની બગીઓમાં ખીલ્યાં છે, ભક્તિ ભાવનાં ફૂલો (૨)**
**એ ફૂલોને માની લેજો (૨) કુમળા હૃદય અમારા.**

૨. સર્વેઽત્ર સુખિનઃ ......... દુઃખમાપ્નુયાત્ ॥

**જ. સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ ॥**

૩. સ્વામીના તો બાળક ......... એ અમારો કોલ.

**જ. સ્વામીના તો બાળક અમે શ્રીજી અમારા દેવ**
**દેશ દેશના વીરો અમે સેવાની છે ટેવ.... ટેક.**
**નાનાં નાનાં બાળ અમે, મોટા મોટા બોલ,**
**સ્વામી માટે જીવશું અમે એ મારો અમારો કોલ.**

૪. લાડુ જલેબી ને ......... ચોળાફળી છમકારી.

**જ. લાડુ જલેબી ને સેવ સુંવાળી,**

**હું તો ભાવે કરી લાવી છું ઘારી...... મારે ઘેર**

**સૂરણ પૂરણને ભાજી, કારેલા, પાપડ, વડી વઘારી**

**વંતાક વાલોળના શાક કર્યા, મેં તો ચોળાફળી છમકારી.**

૫. આચારઃ પરમો......... કિં ન સાધ્યતે ।

**જ. આચારઃ પરમો ધર્મઃ આચારઃ પરમં તપઃ ।**

**આચારઃ પરમં જ્ઞાનં આચારાત્ કિં ન સાધ્યતે ॥**

**પ્ર.૭ નીચેના કોઈપણ એક વિષય પર ટૂંકનોંધ લખો. (૧૦ થી ૧૨ લીટીમાં)** **[૧૦]**

**૧.** માંદા સાધુઓની સેવા

**૨.** આપણા સંતો

**૩.** આ તો અમારા છે